પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૬૩ | ૧૩ મે, ૨૦૧૮, રવિવાર ; વૈશાખ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# કર્ણાટકમાં ૭૦ ટકા મતદાન

## કર્ણાટકમાં શાંતિપૂર્ણ રીતે મતદાન પૂર્ણ : ૧૫મીએ મતગણતરી કરાશે : મતદાન પરિપૂર્ણ થતાની સાથે જ ૨૧૦ મહિલા ઉમેદવાર સહિતના ૨૬૫૫ ઉમેદવારના ભાવિ ઈવીએમમાં સીલ : કોની સરકાર બનશે તે અંગે સસ્પેન્સ



બેંગલોર,તા. ૧૨

અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને ભારે ઉત્સાહ વચ્ચે આજે કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી માટે શાંતિપૂર્ણ મતદાન પૂર્ણ થયું હતું. આની સાથે જ ૨૧૦ મહિલા ઉમેદાર સહિત કુલ ૨૬૫૫ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. કર્ણાટકમાં કોઈપણ અનિચ્છનિય બનાવ વગર ૬૫ થી ૬૮ ટકા વચ્ચે મતદાન થયું હતું. સાંજે પાંચ વાગે મતદાન પૂર્ણ થયા બાદ પણ કેટલીક જગ્યાઓએ મતદાન લોકો લાઈનમાં હોવાથી જારી રહ્યું હતું. દક્ષિણના આ મહત્વપૂર્ણ રાજ્યમાં ભાજપ અને મોદી મેજિક ચાલશે કે કેમ અથવા તો રાહુલ ગાંધી આ વખતે તેમના વિજય રથને રોકવામાં સફળ રહેશે કે કેમ? તે તમામ પ્રશ્નોના જવાબ આ ચૂંટણીથી મળનાર છે. ૧૫મી મેના દિવસે મતગણતરી હાથ ધરવામાં આવશે અને તેજ દિવસે પરિણામો જાહેર થઈ જશે. આજે અભૂતપૂર્વ ઉત્સાહના માહોલમાં મતદાનની સવારે શરૂઆત થઈ હતી અને સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન ચાલ્યું હતું. અગાઉ આજે સવારે સઘન સુરક્ષા

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### પહાડી વિસ્તારોમાં ફરી આંધી-તોફાનનો ખતરો

ઉત્તર ભારતના પહાડી વિસ્તારો ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં તોફાન અને આંધી આવી શકે છે. હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યુ છે.

### બેંકોમાં ૩૦મીથી હડતાલનુ એલાન

સરકારી બેંકોના કર્મચારીઓએ ઈન્ડિયન બેંક એસોસીએશન દ્વારા પગારમાં કરાયેલ બે ટકાના વધારાની સામે ૩૦ મે થી બે દિવસીય દેશવ્યાપી હડતાલની ધમકી આપી છે.

### ચંદીગઢ એરપોર્ટ ૩૧મી સુધી બંધ

ચંદીગઢ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના મરામતની કામગીરીના કારણે ૩૧મીએ સુધી બંધ કરવામાં આવ્યુ છે. ૧ લાખ યાત્રિકો પર તેનો પ્રભાવ પડી શકે છે.

### ઈન્દોર એરપોર્ટ પર હવે માત્ર ૬૦ રૂપિયામાં જમવાનું મળશે

દેશનાં અન્ય એરપોર્ટની સરખામણીએ હવે ઈન્દોરના એરપોર્ટ પર આગામી દિવસોમાં સૌથી સસ્તું ભોજન મળતું થઈ ગયું છે, જેમાં માત્ર ૬૦ રૂપિયામાં જ ભોજનની થાળી મળશે.

### અસલી-નકલી નોટની ઓળખ માટે એપ્લિકેશન આવશે

આરબીઆઈ અસલી અને નકલી નોટની ઓળખ કરવા માટે એક એપ્લીકેશન તૈયાર કરી રહી છે તેમાં તમામ નોટોના સામાન્યની સાથે ખાસ ફિચર પણ સામેલ હશે.

# મુંબઈ અટેકમાં પાકિસ્તાનના ત્રાસવાદીઓનો હાથ : શરીફ

## ભારતના દાવાને આખરે સ્પષ્ટ સમર્થન મળ્યું



ઈસ્લામાબાદ, તા.૧૨

પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન અને હાલમાં ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહેલા નવાઝ શરીફે કબુલાત કરી છે કે મુંબઈ હુમલામાં પાકિસ્તાની ત્રાસવાદીઓની સંડોવણી હતી. પાકિસ્તાની ત્રાસાદીઓનો હાથ હોવાની નવાઝ શરીફે કબુલાત કરી છે. નવાઝ શરીફની આ કબુલાતથી પાકિસ્તાનની પોલ ખુલી ગઈ છે. પાકિસ્તાને હંમેશા એવા આક્ષેપોને રદિયો આપ્યો છે કે આતંકવાદીઓ પાકિસ્તાનના હતા. પાકિસ્તાન હંમેશા ત્રાસવાદીઓને પોષણ આપવાના આક્ષેપોને ફગાવતું આવ્યું છે પરંતુ નવાઝ શરીફના નિવેદનથી સાબિતી મળી છે કે ત્રાસવાદી સંગઠનો પાકિસ્તાનમાં સક્રિય થયેલા છે અને તેમને મદદ પણ મળી રહી છે. નવાઝ શરીફે મુંબઈ હુમલાની પાકિસ્તાનમાં અટવાઈ પડેલી સુનાવણી ઉપર પણ પ્રશ્નોના જવાબ આપ્યા હતા. શુક્રવારના દિવસે મુલતાનમાં યોજાયેલી રેલી પહેલા એક અખબારને આપેલી મુલાકાતમાં નવાઝ શરીફે કહ્યું હતું કે પાકિસ્તાનમાં બે અથવા ત્રણ સમાંતર સરકારો ચાલી રહી છે. આ બાબત બિલકુલ યોગ્ય નથી. આને રોકવાની જરૂર છે. માત્ર એક જ સરકાર હોઈ શકે છે જે બંધારણીય પ્રક્રિયાથી ચૂંટાઈ આવે છે.

# ઔરંગાબાદમાં પાણી મુદ્દે જુથ અથડામણ


ઔરંગાબાદ,તા. ૧૨

મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લામાં બે સમુદાય વચ્ચે કનેક્શનને તોડવા જેવા નજીવા મુદ્દા પર હિંસાની શરૂઆત થઈ હતી. ઉગ્ર બોલાચાલ થયા બાદ કર્મચારીઓનો સમાવેશ થાય છે. પોલીસે કહ્યુ છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં વધારાના જવાનો

## બે સમુદાય વચ્ચે પાણીના કનેક્શનના મુદ્દે હિંસા : બેના મોત : હિંસક અથડામણમાં ૩૦થી વધારે ઘાયલ : કેટલીક દુકાનોને આગ ચાપી : ઇન્ટરનેટ સેવાને બંધ કરાઇ

ભડકેલી હિંસા બાદ ભારે તંગદીલી ફેલાઈ ગઈ છે. મોડી રાત્રે બે સમુદાય વચ્ચે હિંસા થયા બાદ બે લોકોના મોત થયા છે અને ૩૦થી વધારે લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવ્યુ છે. પાણીના પથ્થરમારો અને આગની ઘટનાઓ બની હતી. હિંસા થયા બાદ સમગ્ર વિસ્તારમાં વિસ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે. હિંસાની સ્થિતીને ધ્યાનમાં લઈને સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. ઘાયલ થયેલા લોકોમાં ૧૦ પોલીસ ગોઠવી દેવામાં આવ્યા છે. ટેન્શનને ધ્યાનમાં લઈને સમગ્ર વિસ્તારમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામા આવી છે. મહારાષ્ટ્રના ગૃહ રાજ્યપ્રધાન દીપક કેસરકરે કહ્યુ છે

● અનુસંધાન પાન-૭ પર



# પેટ્રોલ-ડિઝલના ભાવ વધવાના સંકેત

## પેટ્રોલ-ડિઝલની કિંમત નવી સપાટી પર જશે : ક્રુડના ભાવ આગામી વર્ષે ૧૦૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચશે : વેનેઝુએલા અને ઈરાનમાં સપ્લાયમાં કમી આવવાના પરિણામે નવી સમસ્યા સર્જાઈ : ક્રુડની કિંમત હાલ ૭૭ ડોલર પ્રતિ બેરલ

નવી દિલ્હી, તા.૧૨

સામાન્ય અને ગરીબ વર્ગના લોકોને આગામી દિવસોમાં વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે કારણ કે વધતી મોંઘવારીની વચ્ચે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ભારતમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતો પહેલાથી જ તેની સર્વોચ્ચ ઉંચી સપાટી પર છે ત્યારે તેમાં વધુ વધારો થઈ શકે છે. આનું કારણ એ છે કે ક્રુડની કિંમતો સતત વધી રહી છે. આગામી વર્ષ સુધી ક્રુડની કિંમત ૧૦૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. બેંક ઓફ અમેરિકા કોર્પોરેશન ના કહેવા મુજબ વેનેઝુએલા અને ઈરાનમાં સપ્લાઈમાં ઘટાડો થવાના કારણે આ સમસ્યા ઉભી થઈ શકે છે. હાલમાં

● અનુસંધાન પાન-૭ પર

# અગ્નિ-૫ મિસાઈલ લોન્ચ કરવાની હિલચાલ

## પોખરણ પરમાણુ પરીક્ષણ બાદ મોટી તૈયારી

નવી દિલ્હી, તા.૧૨

પોખરણ પરમાણુ પરીક્ષણને ૨૦ વર્ષનો ગાળો થઈ ગયો છે. પોખરણના ૨૦ વર્ષ પહેલા ઓપરેશન શક્તિ હેઠળ ભારતે બે અંડરગ્રાઉન્ડ પરમાણું પરીક્ષણ કર્યા હતા અને દુનિયામાં પોતાની તાકાતનો પરિચય આપ્યો હતો. બે દશક બાદ ભારત ફરી એકવાર પોતાની લશ્કરી તાકાતનો પરિચય આપવા માટે તૈયારી કરી લીધી છે.

ભારતે પોતાના પ્રથમ ઈન્ટર કોન્ટીનેન્ટલ બેલાસ્ટીક મિસાઈલ અગ્નિ-૫ લોન્ચ કરવાની તૈયારી કરી લીધી છે. સ્ટ્રેટેજીક ફોર્સેસ કમાન્ડ હેઠળ આને સામેલ કરવામાં આવનાર છે. સંરક્ષણ સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે પાંચ હજાર કિલોમીટરની રેન્જ સુધી પ્રહાર કરવામાં સક્ષમ અગ્નિ-૫માં પરીક્ષણને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે.


VEG

NEO POLITAN PIZZA ITALIAN PIZZERIA ®

We Make Fresh You Eat Fresh

The Fastest Growing Chain of Pizzeria !

Timing : 11:00 am to 11:00 pm (Monday to Sunday)

મધર્સ ડે સ્પે. ઓફર

રવિવાર, તા. ૧૩ મે, ૨૦૧૮ના રોજ તમામ મધર્સ માટે અનલિમિટેડ ઇટાલિયન મીલ Rs. 149/-

UNLIMITED ITALIAN MEAL

Adults @ 180/-* LUNCH 11.00 A.M TO 3 P.M. @ 210/-* 3 P.M. ONWARD

Kids (Below 10 Yrs.) @ 140/-* LUNCH 11.00 A.M TO 3 P.M. @ 170/-* 3 P.M. ONWARD

With GST (*Condition Apply)

2 Types of Soups | 2 Types of Hot Pastas | 20 Types of Healthy Salads

Garlic Bread with Cheese | 3 Types of Pizzas | A Glass of Coke | Dessert

https://www.facebook.com/NeopolitanRestaurants https://twitter.com/Neopolitanindia www.neopolitanpizza.in

GANDHINAGAR : 104, Super Mall-2, Above HDFC Bank, GH-0 Circle, Infocity, Gandhinagar. (M) 95740 00422, Ph.: 079-23213090



RAJVEE ®

FOOD CORNER

The Taste of Royal Essence

PUNJABI | CHINESE | FAST FOOD

DALBATI | KATHIYAWADI

BANQUET

Birthday Party | Small Gathering | Office Meeting

LIVE KITCHEN

Shop No.1, Ground Floor, Pratik Mall,
Near City Pulse, Kudasan, Gandhinagar.
Mobile : +91 9099884444, 95370 19001
For Banquet Inquiry : 8980108444
Email : rfc@rajvee.in | www.rajvee.in

design@imageink 9510254800



**જોઈએ છે**

વોક ઈન ઈન્ટરવ્યુ

I.T.I./ધો.૧૨ પાસ ઉમેદવારો (૨૦) તાત્કાલિક જોઈએ છે.

બી-૨૨૫/૨૨૬, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, જીઆઈડીસી, સેક્ટર-૨૫, ગાંધીનગર

ફોન (૦૭૯) ૨૯૭૫૦૩૮૮



**ઓફીસ ભાડે**

આશરે ૬૦૦ ચો. ફૂટ (ત્રણ ચેમ્બર) ભાડે આપવાની છે.

પ્લોટ નં. ૬૬૪, શાંતિપેલેસ, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર

ફોન : ૨૩૨ ૨૩૬૫૯

મો. ૯૪૨૮૦ ૪૬૪૮૬



ગાંધીનગરની તમામ શાળાઓ કરતાં સૌથી ઊંચુ પરિણામ

"ટ્યુશન વગર સર્વશ્રેષ્ઠ પરિણામ આપતી ગુજરાતની એકમાત્ર સંસ્થા"

Infocity JUNIOR SCIENCE COLLEGE

Sine 2004

(Higher Secondary Gujarati Medium & English Medium School)

Phone (079) 23213032, (079) 23213033, (M) 7623871647, 7623871648

માર્ચ-2018 (વિજ્ઞાનપ્રવાહ)ના બોર્ડ પરિણામમાં સમગ્ર ગાંધીનગરમાં A1 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ માત્ર ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના જ, જેઓ એ ગાંધીનગર શહેર તેમજ શાળાનું ગૌરવ વધારેલ છે. તેઓને તેમજ અન્ય ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફ થી ખૂબ ખૂબ અભિનંદન

A1 GRADE STUDENTS - 2018

1 Rank in Gandhinagar District: Parmar Dhruv PR.99.93 GUJCET (Mark-111.25) English Medium

3 Rank in Gandhinagar District: Shah Yash PR.99.91 GUJCET (Mark-111) Gujarati Medium

Darji Parth GUJCET Highest 114.25 / 120 Gujarati Medium

GUJCET માં 90 થી વધુ PR પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓ 2018 માં 47 વિદ્યાર્થીઓ

2018 માં JEE (Main) Qualified Students 29

A2 GRADE STUDENTS - 2018

Vyas Zeel, Darji Parth, Ramjiyani Priyank, Darji Utsav, Bagtharia Ishita, Gami Vismit

Patel Vishal, Desai Jaimin, Patel Mihir, Patel Darshi, Patel Priyank, Patel Mitul, Vadalia Manan

The Center of LEARNING EXCELLENCE JEE / NEET / GUJCET & BOARD EXAM